# અમે સંકલ્પ કરીએ છીએ કે...

આજે ગુરુપૂર્ણિમાના પાવન પર્વથી 'ગાંધીનગર સમાચાર' સંકલ્પ કરે છે કે આજથી પ્રથમ કે છેલ્લા પાને મોતના આંકડા દર્શાવતા સમાચારને સ્થાન ન આપવું. હત્યા કે આત્મહત્યાની ઘટનામાં વિકૃત મૃતદેહની તસ્વીર ક્યારેય પ્રસિદ્ધ કરવી નહિ. અને સ્થાનિકથી લઈને સમગ્ર સંસારમાં ક્યાંય પણ બનેલ બળાત્કારની ઘટનાને પ્રસિદ્ધિ આપવી નહિ. સકારાત્મક માહોલ નિર્માણ કરવાના અડીખમ નિર્ધાર અને આપ સૌના આશીર્વાદ સાથે - જોખમી પણ જરૂરી કદમ ઉઠાવી રહ્યા છીએ. નકારાત્મક વિચારો અને સમાચારોના પગલે વ્યક્તિગત જીવનથી લઈને સામાજિક જીવન સુધી સર્જાતી વ્યથા, વ્યગ્રતા અને વિષમતા ચિંતાજનક સ્થિતિએ પહોંચતી જાય છે. સમગ્ર વિશ્વમાં અજવાસ પથરાય એવા સૂરજ બનવાની અમારી હેસિયત નથી પરંતુ નાનકડું ટમટમતું કોડિયું બનવાના કોડ જરૂર છે. કોડિયાના જ ભાવમાં લાગણી વ્યક્ત કરીએ તો અમને જ્યાં અને જેટલું સ્થાન મળશે ત્યાં ત્યાં અને તેટલો અજવાસ પાથરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ.

હા, અમે સભાન છીએ. સમાચાર એ સમાચાર છે. પરંતુ સમાચારનું સ્થાન ક્યાં અને કેટલું અપાવું જોઈએ એનો વિવેક નમ્રતાપૂર્વક રજૂ કરીશું. દુર્ઘટનાઓમાં મોતને ભેટતા મૃતાત્માઓના આંકડા અને વિગતો હકીકત સ્વરુપે સાતમા પાને યથા યોગ્ય સંકલન કરી સ્થાન આપીશું. જેથી કોઈના પણ સમાચાર જાણવાના અધિકારનો ભંગ ન થાય તેની કાળજી રાખીશું. અને બીજું બળાત્કારની ઘટના, છેડતી કે બ્લેકમેલીંગના સીધા કે ટ્વીસ્ટ સમાચારો કે વિચારોને સ્થાન નહી આપવા 'ગાંધીનગર સમાચાર' દ્રઢતાપૂર્વક અને સ્પષ્ટતાપૂર્વક નિર્ણય કરે છે. અને સાથોસાથ સકારાત્મક માહોલનો વ્યાપ અને વેગ વધારવાના હેતુસર પ્રેરક સત્ય ઘટનાઓને માત્ર સો-સવાસો શબ્દોમાં પ્રથમ પાને 'પ્રભાતના પગરવ' શિર્ષક હેઠળ ગૌરવપૂર્વક સ્થાન આપીશું.

આજે ગુરુપૂર્ણિમાએ વિશ્વભરના સૌ ગુરુજનોના આશીર્વાદ સાથે સકારાત્મક વિચારના અમલનો આરંભ કરી રહ્યા છીએ ત્યારે અમારા કદ અને સમજણની મર્યાદાઓનો સભાનપણે સ્વીકાર કરીએ છીએ. હા અમને ખબર છે કે અમારા એક નાનકડા અખબારના નાનકડા કદમથી મોટું પરિવર્તન નથી થઈ શકવાનું. પરંતુ આ ક્ષણે સેતુનિર્માણનો પ્રેરક પ્રસંગ સ્મરણપટ પર આવે છે. જ્યારે હનુમાનજી અને જામવંતજી જેવા શક્તિશાળી યોદ્ધાઓ સેતુનિર્માણ માટે શિલાઓ પધરાવી રહ્યા હતા, ત્યારે નાનકડી ખિસકોલીબાઈ માટીના કણ લઈને સમુદ્રમાં નાંખી રહ્યા હતા. ત્યારે તે જમાનાના કોઈએ પત્રકાર ભાવથી પૂછ્યું કે ખિસકોલીબાઈ નાહકનો પુરુષાર્થ કરો છો ? તમારા માટીના કણથી સેતુનું નિર્માણ ઓછું થઈ શકશે ? ત્યારે અપાયેલો ખિસકોલીબાઈનો જવાબ અમારા માટે એટલો જ આજે પ્રસ્તુત છે. ખિસકોલીબાઈએ કહેલું કે સેતુનિર્માણની કથા લખાશે, વંચાશે, ગવાશે ત્યારે નિષ્ક્રિય રહેનારાઓની યાદીમાં મારું નામ ન આવે તે માટે આ નાનકડો નમ્ર પુરુષાર્થ કરું છું. અને એ જ ભાવ સાથે નકારાત્મકતા સામેના વૈશ્વિક જંગમાં નિષ્ક્રિય રહેનારાઓમાં 'ગાંધીનગર સમાચાર'નો ક્યાંય ઉલ્લેખ ન થાય તેના માટેના આ નમ્ર પ્રયાસને આપ ઉમળકાથી વધાવી-આશીર્વાદ આપી અમારા સંકલ્પને વધુ બળ આપશો એવી પ્રાર્થના સહ પ્રણામ પાઠવીએ છીએ.

- કૃષ્ણકાન્ત જહા


www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૩૮ | ૨૭ જુલાઈ, ૨૦૧૮, શુક્રવાર; અષાઢ સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ન્યુઝ ટ્રેક

### બે ભારતીયોને મેગ્સેસે પુરસ્કાર

બે ભારતીય નાગરિકો ભરત વટવાણી અને સોનમ વાંગચુકના નામ આ વર્ષે રોમન મેગ્સેસે પુરસ્કાર વિજેતાઓમાં સામેલ કરવામાં આવ્યા છે. આ પુરસ્કાર એશિયાનો નોબેલ પુરસ્કાર માનવામાં આવે છે.

### દિલ્હી-એનસીઆરમાં ભારે વરસાદ

દિલ્હી-એનસીઆરમાં ગુરૂવારે થયેલા જોરદાર વરસાદથી શહેરની વ્યવસ્થા અસ્ત-વ્યસ્ત થઈ ગઈ હતી. ઠેર ઠેર પાણી ભરાઈ જતા ટ્રાફિક વ્યવહાર ખોરવાયો છે.

## ભારત સાથે સારા સંબંધ સ્થાપીશું : ઈમરાન



ઈસ્લામાબાદ, તા. ૨૬

પાકિસ્તાનમાં સામાન્ય ચૂંટણી યોજાયાના એક દિવસ બાદ પણ મતગણતરી હજુ પૂર્ણ થઈ નથી. ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈ ચૂંટણીમાં સૌથી વધારે આગળ છે અને પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર અને પીટીઆઈના લીડર પણ વાત કરી હતી. ઈમરાન ખાને ચૂંટણીમાં અનિયમિતતા અને ગોટાળાઓના આક્ષેપને રદિયો આપ્યો હતો. પાકિસ્તાનના નામ વાત કરી હતી. ઈમરાને ઉમેર્યું હતું કે, પાકિસ્તાન એવું દેશ બને જેવું સપનું ઝીણા સાહેબે બનાવવા માટે જોયું હતું. ઈમરાને ઉમેર્યું હતું કે,

**પાકિસ્તાનની ચૂંટણીમાં સૌથી વધુ સીટ બાદ ઇમરાનની વિક્ટ્રી સ્પીચ : ભ્રષ્ટાચારને ખતમ કરીને પાકિસ્તાનમાં મૂડીરોકાણ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે : વડાપ્રધાનના આવાસમાં નહીં રહેવાની જાહેરાત : બોલીવુડની ટીકાઓ**

ઈમરાન ખાન દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે ત્યારે આજે ઈમરાન ખાને રાષ્ટ્રને નામ સંબોધન કર્યું હતું. વિક્ટ્રી સ્પીચમાં ઈમરાન ખાને ભારત સાથે સંબંધોને લઈને પોતાના સંબોધનમાં ઈમરાન ખાને કહ્યું હતું કે, દેશના લોકોએ તેને સેવા કરવાની તક આપી છે તે તેના માટે ગર્વની બાબત છે. આના માટે તે અલ્લાહના શુક્રગુજાર હોવાની પણ તેઓ સાદગી સાથે સરકાર ચલાવવા માટે ઈચ્છુક છે. સત્તામાં આવ્યા બાદ તેઓ પોતાના તોર તરીકાઓને બદલવા ઈચ્છુક નથી.

● અનુસંધાન પાન-૭ પર

## ઈમરાન ખાનની પીએમ તરીકે તાજપોશીની તૈયારીઓ આરંભાઈ

### પાકિસ્તાન ચૂંટણીમાં સૌથી વધુ સીટો મળી

ઈસ્લામાબાદ,તા. ૨૬

પાકિસ્તાનમાં ગઈકાલે બુધવારના દિવસે મતદાન યોજાયા બાદ મતગણતરી હજુ પૂર્ણ થઈ નથી. ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈએ છેલ્લા સમાચાર સુધી ૧૧૭ બેઠકો ઉપર લીડ મેળવી છે જ્યારે પીએમએલ-એન દ્વારા ૬૪ અને પીપીપી દ્વારા ૩૭ સીટ ઉપર લીડ મેળવી લેવામાં આવી છે. પાકિસ્તાનમાં બહુમતિનો આંકડો ૧૩૭નો રહ્યો છે. બહુમતિ ન મળી હોવા છતાં ઈમરાન ખાન દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છે. તહેરીકે ઈન્સાફને સૌથી વધારે સીટ મળે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. પાકિસ્તાનમાં સંસદીય ચૂંટણીની સાથે સાથે પ્રાંતીય ચૂંટણી માટે પણ મતદાન યોજાયું હતું. સંસદ માટે કુલ ૩૪૨ સીટો છે. જેમાં ૭૦ સીટો પહેલાથી જ અનામત છે. પાકિસ્તાનના લોકપ્રિય અખબાર ડોનના કહેવા મુજબ ઈમરાન ખાનનુ આ વખતે વડાપ્રધાન બનવાનુ સપનુ પૂર્ણ થઈ રહ્યું છે. છેલ્લી ચૂંટણીમાં પીએમએલ-એન દ્વારા એકલા હાથે ૧૭૦ સીટો જીતી લેવામાં આવી હતી.

## આવકવેરાના રિટર્ન ભરવાની મુદત લંબાવાઈ

અમદાવાદ, તા.૨૬

આવકવેરાના રિટર્ન ભરવાની અંતિમ તારીખ ૩૧ જુલાઈ ૨૦૧૮ હતી. દેશભરમાંથી અનેક રજૂઆતો મળતા નાણા મંત્રાલયે એક મહિનો મુદત લંબાવતા હવે ૩૧ ઓગસ્ટ ૨૦૧૮ સુધીમાં આવકવેરાનું રિટર્ન ભરી શકાશે. વિભાગ દ્વારા શરૂઆતના તબક્કામાં જ સૌએ રિટર્ન ફાઈલ કરવા જણાવવામાં આવ્યું છે. જેથી અંતિમ સમયે રિટર્ન ફાઈલ કરવામાં કોઈ અડચણ ઉભી ના થાય અને છેલ્લી ઘડીના ધસારાથી ઉભી થતી સમસ્યાઓથી બચી શકાય.

## ફેસબુકના શેર ગગડતા મોટો ફટકો, બે કલાકમાં ૧૧૫૦ અબજ ડૂબ્યા..!!

**બીજા ક્વાર્ટરના નબળા પરિણામ બાદ ફેસબૂકનો શેર ગગડ્યો, ત્રીજા અને ચોથા ક્વાર્ટરમાં પણ નફો ઘટવાની સંભાવના : આ વર્ષના અંત સુધીમાં ૧૩૭ કરોડ ડોલરનું નુકસાન થઈ શકે, બ્લૂમબર્ગના રિપોર્ટ મુજબ ઝુકબર્ગ છટ્ઠા સ્થાન પર આવી પહોંચ્યો**

સાન ફ્રાન્સિસ્કો,તા.૨૬

છેલ્લા ઘણાં લાંબા સમયથી પ્રાઈવેટ પોલિસી અને ડેટા ચોરીના આક્ષેપોના કારણે ફેસબુક વિવાદોમાં રહ્યું છે. જેથી તેની સીધી અસર તેના બીજા ક્વાર્ટરના વ્યવસાય પર પડી છે. બુધાવરે ફેસબુકે જણાવ્યું કે બીજા ક્વાર્ટરમાં તેના સેલ અને યુઝર ગ્રોથમાં નોંધનીય ઘટાડો જોવા મળ્યો છે. તેથી આ વર્ષે સારા પરર્ફોમન્સની પણ આશા રાખવામાં નથી આવી. ફેસબુકના નાણાકીય અધિકારી ડેવિડ વેનરે કહ્યું કે, ત્રીજા અને ચોથા કર્વાટરમાં પણ નફો ઘટી શકે છે. ત્યારબાદ ફેસબુકના શેરના ભાવોમાં ૨૪ ટકાનો ઘટાડો આવ્યો છે. આ ઘટડાની સાથે જ ઝુકરબર્ગને ૨ કલાકમાં ૧૬૮ કરોડ ડોલરનું નુકસાન થયું છે. બ્લુમબર્ગના જણાવ્યાનુસાર ઝુકરબર્ગ છઠ્ઠા સ્થાન પર આવી પહોંચ્યો છે. એટલું જ નહીં રિપોર્ટ્સ અનુસાર આ વર્ષના અંત સુધીમાં તેને ૧૩૭ કરોડ ડોલરનું નુકસાન થઈ શકે છે.

ફેસબુકને અગાઉ વર્ષ ૨૦૧૫માં આ પ્રકારના નુકસાનનો સામનો કરવો પડ્યો હતો. ફેસબુકના ડેટા પ્રાઈવેસી મામલાની તપાસ પર, ઝુકરબર્ગનું US કોંગ્રેસમાં હાજર રહેવાથી કંપનીને ઘણી મુશ્કેલીઓને સામનો કરવો પડ્યો છે. ઉપરાંત આ કર્વાટરમાં ફેસબુકને યુરોપના કડક

● અનુસંધાન પાન-૭ પર


ભાડે / વેચાણ આપવાના છે
ભાડે :
● ફ્લેટ 3BHK PDPU રોડ, ફેમિલી માટે ● બંગ્લો - સે.૮, 4BHK ઓફીસ/ફેમિલી માટે
વેચાણ :
● ફ્લેટ 2BHK સૌંદર્ય-૪૪૪, ખ રોડ ● ફ્લેટ - ગ્રા.ફ્લોર 2BHK સે.૨૯, ચ-૬ પાસે. ● ફ્લેટ 3BHK ૧૭૦ વાર પ્રતિક મોલની સામે. ● બંગલો - પ્લોટ ૨૦૦ વાર 3BHK કુડાસણ
ભાડે / વેચાણ જોઈએ છે.
ફ્લેટ / ટેનામેન્ટ / બંગલા સે.૧ થી ૩૦, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ.
THE SPACE
9328801440
9328701440


## પશ્ચિમ બંગાળનું નામ હવે 'બાંગ્લા' રાખવા વિધાનસભામાં પ્રસ્તાવ પસાર

**કેન્દ્રીય ગૃહમંત્રાલય મંજુરી આપશે તો પ.બંગાળનું નામ બદલીને બાંગ્લા થશે**

ન્યુ દિલ્હી,તા.૨૬

પશ્ચિમ બંગાળનું નામ બદલવાનું બિલ વિધાનસભામાં પાસ, જાણો નવું નામ શું હશે?

પશ્ચિમ બંગાળ વિધાનસભાએ રાજ્યનું નામ બદલીને 'બાંગ્લા' કરવા માટે સર્વસંમતિથી સદનમાં એક પ્રસ્તાવ પાસ કર્યો છે. જો કે, આ નામ ત્યારે બદલાશે જ્યારે આ પ્રસ્તાવ પર ગૃહ મંત્રાલય પોતાની સ્વીકૃતિ આપશે.

આ પ્રસ્તાવ પર કેન્દ્ર અને રાજ્યની વચ્ચે 'હા' અને 'ના'ના ઘણા મહિનાઓ બાદ એક વાર ફરીથી આ કદમ ઉઠાવવામાં આવ્યું છે. અગાઉ કેન્દ્ર સરકારે રાજ્ય સરકારના આ પ્રસ્તાવને નકારી દીધો હતો, જેમાં પશ્ચિમ બંગાળને ઈંગ્લિશમાં 'બંગાલ' અને બંગાળીમાં 'બંગ્લા' કરવા માટે ભલામણ કરવામાં આવી હતી.

પશ્ચિમ બંગાળના શિક્ષા મંત્રી પાર્થ ચટર્જીએ કહ્યું કે, મુખ્યમંત્રી મમતા બેનર્જીની આગેવાનીમાં રાજ્ય સરકારે તે

● અનુસંધાન પાન-૭ પર



### બેસણું

અમારા માતૃશ્રી ગં.સ્વ.કમળાબેન મગનલાલ શ્રીમાળી (ધોળકા-હાલ ગાંધીનગર) નું તા.૨૩-૭-૨૦૧૮ ના રોજ નિધન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૮-૭-૨૦૧૮ ને શનિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : પટેલ સમાજવાડી, પોલીસ સ્ટેશન સામે, સેક્ટર-૭, ગાંધીનગર. મો.૯૩૭૭૭ ૩૦૭૦૦

લી. ભૂપેન્દ્ર મગનલાલ શ્રીમાળી (SGST વેચાણ વેરો), પંકજ મગનલાલ શ્રીમાળી (પ્રોફેસર GLS), હેમંત મગનલાલ શ્રીમાળી (ગૃહ વિભાગ), રેખા મગનલાલ શ્રીમાળી



### બેસણું

મારા ધર્મપત્ની સ્વ.શાંતાબેન બાબુલાલ ચક્રવર્તીનું તા.૨૫-૭-૨૦૧૮ને બુધવારના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું તા.૨૭-૭-૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે અમારા નિવાસસ્થાને રાખેલ છે

નિવાસસ્થાન : ૨૨૩/૧, સેક્ટર-૫/એ, CNG ગેસ પંપની બાજુમાં, ગાંધીનગર

બાબુલાલ એન. ચક્રવર્તી (પતિ)
રમેશ બી. ચક્રવર્તી (પુત્ર) ગૌતમ બી. ચક્રવર્તી (પુત્ર)
અશ્વિન બી. ચક્રવર્તી (પુત્ર) તથા સમસ્ત ચક્રવર્તી પરિવાર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



Whimsical Fusion
presents
a melange of inspiring experiences
by the women, for the women.

EXPOSITION:
Clothing - Ethnic, Western and Indo-Western | Jewellery | Rakhi | Homemade Cakes and Chocolates | Bonsai Plants | Home Decor | Cosmetics | Tattoo | Nail Art

DATE, TIMINGS AND VENUE:
Saturday, 28th July and Sunday, 29th July, 2018
between 11 am to 8 pm at
Infocity Club & Resort, Gandhinagar.

INAUGURATION:
Shrimati Smitaben Krishnakant Jha (Gandhinagar Samachar)
at 11 am on Saturday, 28th July, 2018

*To get inspired from the stories of dogged determination, unwavering focus and insurmountable strength, listen to the Female Motivational Speakers from across the walks of life - Senior Police Officer, Gynaecologist, Scientist, Body Builder, Differently Abled Sportsperson...*
*Between 6 pm to 8 pm on both the days*

WHAT'S MORE:
Live Makeup | Tarot Readings | Power Garba Performance | Free Henna Therapy | Rajasthani Folk Music Performance | Talvaar Raas Performance

For further queries, call:
Mahi Rathore: +91 99786 90619 | Pinky Desai: +91 99250 36380